સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# ભગવાન શિવની નિંદા કરનાર ઘોર નરકમાં પડે છે

**આચમન**
**બિપિન પટેલ**



શ્રી રામચરિતમાનસના માધ્યમ દ્વારા તુલસીદાસજી એક અગત્યનું જીવનસૂત્ર આપે છે. ‘પરનિંદા સમ અઘ ન ગરિસા’ પરનિંદા સમાન ઘોર પાપ બીજું કોઇ નથી. તેઓ તો આ સૂત્ર દ્વારા તમામ જીવને સાવધાન કરે છે પરંતુ નિંદારસનું અમૃતરસની જેમ પાન કરનારાઓની સંખ્યા ઘટતી નથી. આપણી આસપાસ એવા અનેક નિંદકો મળી આવશે કે જેઓ પોતે તો સતત નિંદારસનું પાન કરતા રહે છે, સાથે સાથે બીજાઓને પણ તેનું પાન કરાવતા રહે છે. હકીકત તો એ છે કે બીજાની નિંદા કરવી એ તો પાપ છે જે, પરંતુ કોઈની નિંદા સાંભળવી એ પણ પાપ છે. અર્થાત્ નિંદા કરનાર અને નિંદા સાંભળનાર બંને પાપના સમાન ભાગીદાર છે. અરે! એવા કૃતઘ્ની જીવો પણ આ જગતમાં મળી આવશે કે જેઓ ભગવાનની નિંદા કરતાં પણ અચકાતા નથી. સ્વયં ભગવાન શ્રીરામની નિંદા કરનારા પણ હતા ને! ભગવાન શિવની નિંદા તો સ્વયં તેમના શ્વસુરજીએ પેટ ભરીને કરી હતી. શ્રીરામચરિતમાનસનો એ પ્રસંગ સૌને સાવધાન કરે છે કે કોઈની નિંદા કરતાં પહેલાં 100 વાર વિચાર કરજો. ઘટના કંઈક એવી છે - સતીજીના પિતા દક્ષ પ્રજાપતિએ એક મહાયજ્ઞનું આયોજન કર્યું. શિવજી પ્રત્યે અણગમો હોવાને કારણે તેમણે શિવજીને આમંત્રણ પાઠવ્યું નહીં. પિતાને ત્યાં યજ્ઞ મહોત્સવમાં જવા માટે સતીજી તૈયાર થયાં. મહાદેવે ખૂબ સમજાવ્યાં. કિંતુ સતીજીએ તેમની અવગણના કરી. વગર નિમંત્રણે પહોંચી ગયાં પિતાને ત્યાં. મહાદેવે કહ્યું હતું તેવું જ બન્યું. તેમને ન કોઈ આવકાર મળ્યો ન કોઈ સત્કાર મળ્યો. પિતાનો એ અપમાનજનક વ્યવહાર તેમને દુઃખી કરી ગયો. એ પીડા તો પરાકાષ્ટાએ ત્યારે પહોંચી જ્યારે તેમણે ભરી સભામાં મહાદેવની નિંદા કરતા પિતાને સાંભળ્યા. તેમના પિતા કહી રહ્યા હતા, ‘‘મેં શિવજીને આમંત્રણ કેમ ન આપ્યું એમ તમે પૂછો છો. તો સાંભળો. પાખંડી શિવ આ યજ્ઞકર્મ માટે લાયક જ નથી. જેનાં કોઈ માતા-પિતા નથી. ભૂત-પ્રેત-પિશાચ જેની ફરતે સદૈવ ફરતા રહે છે. જેના આખા શરીરે ભસ્મ અને ગળામાં મૂંડની માળા લટકતી રહે છે... એવો અશુભ વેશધારી શિવ આત્મપ્રશંસક છે, મૂઢ છે, જડ છે. મૌન તેનો ઢોંગ છે અને તે છે પૂરો ઈર્ષ્યાળુ. આમ તે કોઈ પણ રીતે યજ્ઞકર્મ માટે યોગ્ય નથી એટલે મારા યજ્ઞમાં તેનું કોઈ સ્થાન નથી.’’ પિતા દ્વારા થતી શિવજીની નિંદા સતીજી સહન ન કરી શક્યાં. તેમનો ક્રોધ સભામાં પડઘાય ઊઠ્યો. ‘‘જેમણે મારા પતિની નિંદા કરી છે અને જેમણે તે સાંભળી છે તે સૌને તેનું ફળ તત્કાળ મળશે અને મારા પિતા તો સારી પેઠે પસ્તાશે. હકીકત તો એવી છે કે જગતપિતા શિવજીની નિંદા કરનારની તો જીભ જ ખેંચી કાઢવી જોઈએ. જો તેમ ન થઈ શક્યું હોય તો કાનમાં આંગળી નાખીને ત્યાંથી ચાલી જવું જોઈએ પરંતુ તમે સૌ મારા પતિની નિંદા ચૂપચાપ સાંભળતા રહ્યા. ધિક્કાર છે તમને. શિવજીની નિંદા કરનાર અને સાંભળનાર બંને યાવત્ચંદ્ર દિવાકરૌ ઘોર નરકમાં પડશે. શિવજીની નિંદા કરનાર મૂઢ મતિ પિતા તરફથી મળેલા આ દેહનો હું ત્યાગ કરું છું. કહેતાં તેમણે પોતાના દેહને યજ્ઞકુંડમાં ભસ્મ કરી દીધો. તેમણે એક સૂત્ર આપ્યું. કોઈની નિંદા કરીને જીભને અપવિત્ર કરશો નહીં અને નિંદા સાંભળીને મનને મલિન કરશો નહીં.

> પાખંડી શિવ આ યજ્ઞકર્મ માટે લાયક જ નથી, જેનાં કોઇ માતા-પિતા નથી, ભૂત-પ્રેત-પિશાચ જેની ફરતે સદૈવ ફરતા રહે છે, જેના આખા શરીરે ભસ્મ અને ગળામાં મૂંડની માળા લટકતી રહે છે... એવો અશુભ વેશધારી શિવ આત્મપ્રશંસક છે, મૂઢ છે, જડ છે

# હું માનવ થાઉં તોય ઘણું

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**



‘ધ પ્લેગ’ નામની આલ્બેર કામૂની વિખ્યાત કથા છે. તે વાર્તામાં ચાર યુવાનો વાતો કરે છે. વાતોમાં એક પ્રશ્ન ઉદ્ભવ્યો; ‘કોને શું બનવું છે?’ એક યુવાને કહ્યું; મારે તો મોટા વૈજ્ઞાનિક બનવું છે. તો બીજાએ કહ્યું; મારે મહાન તત્ત્વવેત્તા બનવું છે. આ સાંભળી ત્રીજાએ કહ્યું; ‘ભાઈ, મારે તો મોટા કલાકાર બનવું છે.’ આ ત્રણેય મિત્રોના વિચાર ચોથો સાંભળી રહ્યો હતો. એ પોતે વિચારતો હતો કે, ‘મારે શું બનવું જોઈએ?’

એ દરમિયાન નજીકમાં બેઠેલા સોક્રેટિસે આ ચર્ચામાં રસ દાખવ્યો. તેમણે બધાની વાતો સાંભળી. હવે ચોથો શું કહેશે, એ જાણવા બધા ઉત્સુક હતા.

સોક્રેટિસે કહ્યું; ‘ભાઈ, તારી વાત તો કર! તું કેમ ચૂપ બેઠો છે?’ ચોથાએ કહ્યું; મિત્રો, તમારી વાત તો સારી છે, પણ મારે સૌ પ્રથમ ‘માણસ’ બનવું છે. પછી બીજું બધું.

આ વાત સાંભળી સોક્રેટિસ ખુશ થઈ તાળી વગાડવા લાગ્યા અને તેઓ બોલ્યા; વાહ, આ જ સાચું છે. એ કઠણ જરૂર છે પણ ખરી વાત તો આ જ છે. પહેલાં ‘માણસ’ બનો, પછી બીજું બધું.

એક કવિએ કહ્યું છે, ‘હું માનવી, માનવ થાઉં તોય ઘણું?..’ આ વાત આજના યુગમાં પણ એટલી જ જરૂરી છે. આજે સમાજમાં બનતી ઘટનાઓ જોતાં ક્યારેક લાગે છે કે માનવતા મરી પરવારી છે. માનવી દિશાહીન જીવે છે. કાં તો સંવેદનશીલતા ગુમાવી ચૂક્યો છે. સ્વાર્થવૃત્તિની પકડ માનવજાત પર વધુ સવાર થઈ ગઈ છે એટલે માનવી આજે સમાજકેન્દ્રી રહેવાના બદલે સ્વકેન્દ્રી બનતો જાય છે.

માણસ ભણે-ગણે, પૈસા કમાય, મોટો વેપારી, વકીલ, દાક્તર, ઈજનેર, કલાકાર, લેખક કે રાજકારણી નેતા બને, એ બધું ખરું, પણ એ પહેલાં ‘માનવી’ હોવો જોઈએ. એનામાં માનવતા હોવી જોઈએ. ‘માણસાઈ’ હોવી જોઈએ. એ પહેલાં ‘માણસ’ બને તોય ઘણું છે.

‘માણસ’ હોવું એટલે માનવતાથી પૂર્ણ હોવું. માણસને ઈશ્વરે બધાં પ્રાણીઓ કરતાં વિશેષ બુદ્ધિ, શક્તિઓ આપી છે. તેનો એ સદુપયોગ અન્યના લાભાર્થે, સમાજના લાભાર્થે કરે, પોતાની આસપાસના લોકોનું પણ વિચારે તો તેને સાચો ‘માણસ’ કહી શકાય.

> સ્વાર્થવૃત્તિની પકડ માનવજાત પર વધુ સવાર થઇ ગઇ છે એટલે માનવી આજે સમાજકેન્દ્રી રહેવાના બદલે સ્વકેન્દ્રી બનતો જાય છે

એટલે તમે કંઈ પણ થાવ, પણ જો ‘માણસ’ નહીં બનો, તો અન્ય ઉપલબ્ધિ વ્યર્થ છે. તમારી બધી જ સિદ્ધિઓ માણસાઈથી શોભે છે. એટલે પ્રથમ ‘માનવી’ થવું જરૂરી છે.



# સપ્તાહનાં વ્રત-તહેવાર

**તા.૫ થી તા.૧૧ ઑક્ટોબર ૨૦૨૬**

## તા.૫, સોમવાર
ભાદરવા વદ દશમ, દશમનું શ્રાદ્ધ, નારાયણ દશમી.

## તા.૬, મંગળવાર
ભાદરવા વદ એકાદશી, ઈંદિરા એકાદશી (કલાકંદ)

## તા.૭, બુધવાર
ભાદરવા વદ બારસ, મઘા શ્રાદ્ધ, રેંટિયા બારસ, બારસનું શ્રાદ્ધ, સંન્યાસીના મહાલય.

## તા.૮, ગુરુવાર
ભાદરવા વદ તેરસ, પ્રદોષ, શિવરાત્રી, કલિ યુગાદિ, તેરસનું શ્રાદ્ધ, ભારતીય વાયુસેના દિન.

## તા.૯, શુક્રવાર
ભાદરવા સુદ ચૌદશ, ચૌદશનું શ્રાદ્ધ, અસ્ત્ર-શસ્ત્રોથી મરણ પામેલાં તથા અપમૃત્યુ પામેલાનું શ્રાદ્ધ.

## તા.૧૦, શનિવાર
ભાદરવા સુદ અમાસ, સર્વપિતૃ દર્શ, સાવિત્રી અમાસ, પૂનમ-અમાસનું શ્રાદ્ધ.

## તા.૧૧, રવિવાર
આસો સુદ એકમ, માતામહ શ્રાદ્ધ, શારદીય, રેણુકા દેવી(માહુર), સપ્તશ્રૃંગી માતા નવરાત્ર પ્રારંભ, ઘટસ્થાપન, મહારાજા શ્રી અગ્રસેન, સંત મુક્તાબાઇ જયંતી.

## સુવિચાર

**ધૈર્ય વગર કોઈ પણ કાર્ય અધૂરું રહે છે**